આજથી મોઢેરા સૂર્યમંદિર ખાતે ઉત્તરાર્ધ મહોત્સવ

નાયબ મુખ્યમંત્રી ઉત્તરાર્ધ ઉત્સવના સમાપન સમારોહમાં ઉપસ્થિત રહેશે

મહેસાણા, તા. ૨૦

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી મંગળવાર તા. ૨૧ જાન્યુઆરીએ મહેસાણા જિલ્લાના સુપ્રસિદ્ધ તીર્થ સૂર્યમંદિર મોઢેરાના પરિસરમાં દ્વિદિવસીય ઉત્તરાર્ધ ઉત્સવનો સાંજે ૬.૩૦ કલાકે શુભારંભ કરાવશે.

રાજ્ય સરકારના રમત-ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ તેમજ સંગીત નાટક અકાદમી દ્વારા જિલ્લા વહિવટીતંત્રના સહયોગથી તા. ૨૧ અને ૨૨ જાન્યુઆરી દરમિયાન આ ઉત્તરાર્ધ ઉત્સવ યોજાઈ રહ્યો છે.

ઉત્તરાયણના ઉત્સવ પછી સૂર્યની ઉત્તર તરફની ઉર્ધ્વગતિ એટલે કે સૂર્યના ધનુ અને મકર પ્રવેશના મધ્ય-અર્ધ સમયે જ્યારે શિયાળો અંત તરફ જઈ રહ્યો હોય અને દિવસો લાંબા થવાની શરૂઆત થતી હોય તેવા 'અર્ધ' અવસરે શાસ્ત્રીય નૃત્યનો આ ઉત્સવ સૂર્યમંદિરમાં ઉત્તરાર્ધ તરીકે ઉજવવાની પરંપરા રહેલી છે.

મોઢેરાનું આ સૂર્યમંદિર સૂર્ય અને ગ્રહોની સ્થિતી તથા સૂર્યના પૃથ્વી ભ્રમણના આદિકાળના ઈજનેરી કૌશલ્યનું ઉત્કૃષ્ટ ઉદાહરણ છે તેના પરિસરમાં આ ઉત્સવ ઉજવાય છે.

ભારતીય શાસ્ત્રીય નૃત્યોની ભવ્ય-ગુરૂ શિષ્ય પરંપરાનો પરિચય લોકોમાં વ્યાપક બને તે હેતુથી આ ઉત્તરાર્ધ ઉત્સવની મોઢેરા સૂર્યમંદિર પરિસરમાં ૧૯૯૨થી ઉજવણી કરવામાં આવે છે.

ઉત્તરાર્ધ ઉત્સવ ૨૦૨૦માં આ વર્ષે પ્રથમ દિવસે તા. ૨૧

જાન્યુઆરીએ ગૌરવ પુરસ્કૃત કલાકાર ભરત બારીયા, ગૌરવ પુરસ્કાર કલાકાર, અક્ષય પટેલ અને કલાગુરૂ શીતલ બારોટની ગણેશવંદના તથા સુધાજી ચંન્દ્રન ભરતનાટયમ્, ગ્રેસીસીંગજી ઓડીસી, કેવી સત્યનારાયણ કુચીપુડી બેલે, વિનિતા શ્રીનંદન મોહીની અટ્ટમ, મોહેંતી ઓડીસી નૃત્યો પ્રસ્તુત કરશે.

આ નૃત્યોત્સવના બીજા દિવસે તા. ૨૨-૧-૨૦૨૦ના રોજ ગૌરવ પુરસ્કૃત કલાગુરૂ શીતલ મકવાણાની ગણેશ વંદના, પૂર્ણિમા અશોક ભરત નાટ્યમ્, વૈશાલી ત્રિવેદી કથ્થક, જયપ્રભા મેનોન મોહિની અટ્ટમ, સપના શાહ ભરત નાટયમ્, અલોકા કાનુંગો ઓડીસી અને દેવેન્દ્ર મંગલમુખી કથ્થક લખનઉ ઘરાના નૃત્ય રજૂ કરી શાસ્ત્રીય નૃત્ય કલાનું રસપાન કરાવશે.

નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલ આ ઉત્સવનું સમાપન તા. ૨૨ જાન્યુઆરીએ કરાવવાના છે.

ત્રણ ભાગમાં નિર્મિત આ મંદિરમાં સૂર્યકુંડ, સભામંડપ અને નૃત્ય મંડપમાં રામાયણ મહાભારતના કથાનક શિલ્પો તેમજ કૃષ્ણલીલા અને સુંદર સ્ત્રી શિલ્પો કંડારવામાં આવેલા છે. ભારતમાં કોર્ણાક, મંદસૌર, લાટપૂર અને કાશ્મીરમાં માર્તંડ સૂર્યમંદિરો સાથે ગુજરાતના આ મોઢેરા સૂર્યમંદિરનું પણ સૂર્યોપાસના માટે અદકેરૂં મહત્વ છે.

ભારત સરકારના પુરાતત્વ ખાતા દ્વારા રક્ષિત સ્મારક જાહેર કરાયેલા આ મોઢેરા સૂર્યમંદિરમાં ભારતીય સંસ્કૃતિ, કલા સ્થાપત્યના અજોડ વારસા સાથે નૃત્યકલાની ગુરૂશિષ્ય પરંપરા પણ આગામી ઉત્તરાર્ધ ઉત્સવ દરમ્યાન ઉજાગર થવાની છે.

બામણા આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજની એન.એસ.એસ. સેવા શિબિર યોજાઈ

ભિલોડા,તા.૨૦

મુર્ધન્ય કવિવર ઉમાશંકર જોષીની પાવન જન્મભુમિ બામણા ગામમાં સ્વ.શાન્તાબેન હરગોવિંદદાસ જોષી અને ભુલેશ્વર કડુરામ જોષી, આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજમાં કાર્યરત એન.એસ.એસ. વિભાગ ધ્વારા ખાસ સેવા શિબિર પ.પુ. મોરારી બાપુની રામ કથા દરમ્યાન તા.૪/૧/૨૦૨૦ થી તા.૧૨/૧/૨૦૨૦ સુધી પ્રિન્સિપાલ ડૉ.કલ્પનાબેન પટેલના માર્ગદર્શન હેઠળ સેવા શિબિર યોજાઈ હતી.શિબિર દરમ્યાન સાફસફાઈ, પાર્કિંગ વ્યવસ્થા સહિત વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓ કરાઈ હતી. ૬૦ શિબિરાર્થીઓ જોડાયા હતા. શિબિરને સફળ બનાવવા સ્કુલ, કોલેજ સ્ટાફ પરીવાર હાજર રહ્યો હતો. કાર્યક્રમનું સફળ સંચાલન એન.એસ.એસ. પ્રો.ઓ. ડૉ.આર. એન. જોષીએ કર્યું હતું.

ચિતરીયા ગામમાં નેત્ર નિદાન કેમ્પ યોજાયો

ભિલોડા,તા.૨૦

વિજયનગર તાલુકાના ચિતરીયા ગામમાં ભિલોડા ઉદય સેવા સંસ્થાન ધ્વારા સિનિયર સિટીઝન સેવા મંડળ,ચિતરીયા મુકામે નેત્ર નિદાન કેમ્પ યોજાયો હતો.કેમ્પમાં ૨૭૦ આંખોના દર્દીઓની તપાસ કરાઈ હતી.

૪૫ દર્દીઓને મોતીયો હોઈ તે પૈકી ૧૮ દર્દીઓને બારેજા મુકામે ઓપરેશન માટે લઈ જવાયા હતા.૧૨૦ દર્દીઓને નંબરવાળા ચશ્મા રાહત દરે અપાયા હતા. નેત્ર નિદાન કેમ્પને સફળ બનાવવા પ્રમુખ સુરજીભાઈ, મોતીભાઈ, ચુનીલાલ, એલ.કે.કટારા, ગ્રામજનો, ઉદય સેવા સંસ્થાનના જીતેન્દ્રભાઈ સી. ભાટીયા (એડવોકેટ), જે.પી.શર્મા, સુરેશભાઈ પ્રજાપતિ, ડાહ્યાલાલ, કિરીટભાઈ, બારેજાની નવલભાઈ હિરાબા હોસ્પિટલનો સ્ટાફ હાજર રહ્યો હતો.

ટોરડા નવજીવન વિદ્યાલયમાં એન.એસ.એસ. કેમ્પ યોજાયો

ભિલોડા,તા.૨૦

ભિલોડા તાલુકાના સુપ્રસિધ્ધ પવિત્ર પાવન યાત્રાધામ ટોરડા શ્રી ગોપાળાનંદ સ્વામીની

જન્મભુમિ પર કાર્યરત શ્રી નવજીવન વિદ્યાલયમાં ભિલોડા કોલેજના વિદ્યાર્થીઓનો ૭ દિવસનો એન.એસ.એસ. કેમ્પ યોજાયો હતો. ઉદ્‌ઘાટક સ્વામિનારાયણ મંદિર મહંત સદ્‌ગુરૂ કૃષ્ણપ્રસાદ દાસજી, ધી સાબરકાંઠા જીલ્લા મધ્યસ્થ સહકારી બેંક લી. વા.ચેરમેન રાજેન્દ્રસિંહ ભાટી, આદિવાસી આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ પ્રિન્સિપાલ ડૉ.ડી.બી. ચૌબીસા, શાળા સંચાલક મંડળના સભ્યો,સામાજીક આગેવાનો ધ્વારા યોજાયો હતો. કૃષ્ણપ્રસાદ દાસજીએ પ્રાસંગીક પ્રવચન દરમ્યાન જણાવ્યું હતું કે મોબાઈલના દુષણથી દુર રહેવું, સ્વચ્છતા અંગે જાગૃતિ આપી આશીર્વચન પાઠવ્યા હતા.ધી સાબરકાંઠા જીલ્લા મધ્યસ્થ સહકારી બેંક લી. વા.ચેરમેન રાજેન્દ્રસિંહ ભાટીએ કેશલેશ વ્યવહાર,બેટી બચાવો બેટી પઢાવો, ભણતરની સાથે ઘડતર પર વિશેષ સમજ આપી હતી. આચાર્ય પિનાકીનભાઈ પટેલએ જણાવ્યું હતું કે વિદ્યાર્થીઓના જીવનમાં સેવા, ત્યાગ,માનવતા સહિત સુસંસ્કારો આવે, વ્યક્તિ નિર્માણથી રાષ્ટ્રીય નિર્માણ થાય તેવી ભાવનાથી એન.એસ.એસ. કાર્યરત છે. કાર્યક્રમનું સફળ સંચાલન પ્રો.ઓ. ડૉ.સંજયભાઈએ કર્યું હતું.

અરવલ્લી પશુ દવાખાનામાં આઉટ સોર્સીંગથી ફરજ બજાવતા

સફાઈ કામદારોને ભૂખ હડતાલનો પણ અધિકાર નહિ..?

મોડાસા, તા. ૨૦

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના સ્વચ્છ ભારત મિશનમાં સૌથી મહત્વનો ફાળો છે એવા સફાઈ કામદારોની સમગ્ર દેશમાં દયનિય હાલત છે. ગુજરાતમાં સરકારી કચેરીઓમાં આઉટસોર્સિંગ હેઠળ સફાઈ કામદાર તરીકે ફરજ બજાવતા કર્મચારીઓનું ખાનગી કોન્ટ્રાકટ ધરાવતી એજન્સીઓ શોષણ કરી રહી છે.

દેશમાં બેરોજગારીના દરે માજા મૂકી છે ત્યારે અરવલ્લી જીલ્લાના પશુ દવાખાનાઓમાં આઉટ સોર્સિંગથી ફરજ બજાવતા ૧૦૦થી વધુ કર્મચારીઓને છેલ્લા ૪ મહિનાથી છુટ્ટા કરી દેવામાં આવતા તમામ કર્મચારીઓના પરિવાર પર જાણે આભ તૂટી પડયું હોય તેવું લાગી રહ્યું છે. સફાઈ કામદારોએ આઉટ સોર્સિંગથી એજન્સી મારફતે ફરજ પર પરત લેવામાં આવેની માંગ જવાબદાર અધિકારીઓને કરવા છતાં ટેન્ડરિંગના બહાના બનાવતા છેલ્લા ૪ મહિનાથી નોકરી વિહોણા બનેલા સફાઈ કામદારોએ ગાંધી ચિંધ્યા માર્ગે કલેકટર કચેરી આગળ ૨૦ જાન્યુઆરીને સોમવારથી કલેક્ટર કચેરી આગળ ભૂખ હડતાલ પર ઉતારવાની મંજૂરી જીલ્લા કલેક્ટર, જીલ્લા વિકાસ અધિકારી અને

મોડાસા મામલતદાર પાસે માંગતા વહીવટીતંત્રએ મંજુરીનો નનૈયો ભણતા સોમવારે મોટી સંખ્યામાં કલેક્ટર કચેરીએ ભૂખ હડતાલ માટે પહોંચે તે પહેલા જ મોડાસા ટાઉન પોલીસે ડિટેઈન કરતા સફાઈ કામદારોમાં ભારે રોષ ફેલાયો હતો.

ગુજરાત વાલ્મીકિ સંગઠનના પ્રમુખ લાલજી ભગતના જણાવ્યા મુજબ જીલ્લાના વિવિધ પશુ દવાખાનાઓમાં ૧૦૦ થી વધુ સફાઈ કર્મચારીઓ વર્ષોથી આઉટ સોર્સિંગથી એજન્સી મારફતે કામ કરી રહ્યા છે. તમામ કર્મચારીઓને ટેન્ડર પાસ થયું નથી ના બહાના હેઠળ ઈરાદાપૂર્વક નોકરીમાંથી છુટા કરી દેવાતા પરિવારનું ગુજરાન કેમ ચલાવવું તે ચિંતા સતાવી રહી છે. જીલ્લામાં દલિતો પર અત્યાચારો પણ વધી રહ્યા છે તેમ છતાં કોઈ અધિકારી ધ્યાન દોરાતા નથી. સફાઈ કામદારોએ નોકરીમાં પરત લેવામાં આવેની ન્યાયની માંગ સાથે અચોક્કસ મુદતની ભૂખ હડતાલ પર ઉતરવાની માંગણી પણ સ્વીકારવામાં નથી આવી અને હડતાલ પૂર્વે સફાઈ કર્મીઓને ડિટેઈન કરી લઈ તેમના હક્ક માટેની લડાઈ પર તરાપ મારવાના પ્રયાસને સાંખી લેવામાં નહિ આવેનું જણાવ્યું હતું અને આગામી સમયમાં ઉગ્ર આંદોલન કરવાની ચિંમકી પણ ઉચ્ચારવામાં આવી છે.

ડીસાના સાર્થક બંગલોઝમાં ચાર મકાનના તાળા તૂટ્યા

ડીસા, તા. ૨૦

બનાસકાંઠા જિલ્લામાં ઠંડીનું પ્રમાણ વધવાની સાથે જ તસ્કર ટોળકી સક્રિય પણ બની છે. થોડા દિવસ પહેલા પાલનપુરમાં જિલ્લા એલસીબી પોલીસ દ્વારા તસ્કર ટોળકીને ઝડપી પાડવામાં આવી હતી જેમાં ૧૨ જેટલી અલગ અલગ જગ્યાએ થયેલ ચોરીના ભેદ ઉકેલાયા હતા તેમ છતાં હજુ પણ તસ્કરો પોલીસને જાણે પડકાર ફેંકતા હોય તેમ રવિવારે રાત્રે ડીસા પાટણ હાઈવે ઉપર આવેલ સાર્થક બંગલોઝમાં ચડ્ડી બનિયાનધારી ટોળકી ત્રાટકી હતી ને સોસાયટીમાં અલગ અલગ ચારેક મકાનોનાં તાળા તોડી હજારોની મતાની ચોરી કરી ફરાર થઈ ગયા હતા. જો કે ચોરી કરવા આવેલ આ ચડ્ડી બનીયન ટોળકી સીસી ટીવી કેમેરામાં કેદ થવા પામી હતી. જેમાં ૬ જેટલા ચડ્ડી-બનિયાનધારી તસ્કરો હાથમાં હથિયારો સાથે મકાનોમાં ચોરી કરવા આવ્યા હોવાનું માલુમ પડ્યું હતું. ચોરીની આ ઘટના મામલે પોલીસે જાણવા જોગ અરજી નોંધીને વધુ તપાસ હાથ હતી. મકાનમાલિકો બહાર હોઈ ચોરાયેલ ચોક્કસ મુદામાલની જાણ થઈ શકી નથી.

ડીસા શહેરમાં છેલ્લા કેટલાક સમયથી પોલીસ દ્વારા સઘન પેટ્રોલિંગ કરવામાં આવી રહ્યું છે તેમછતાં અવાર નવાર બનતી ચોરીની ઘટનાના પગલે પોલિસ પેટ્રોલિંગ ઉપર સવાલો ઉભા થઈ રહ્યા છે. રાત્રે દરમિયાન કડક પેટ્રોલ પોલીસ પેટ્રોલિંગ હોવા છતાં શહેરમાં તસ્કરો અનેક જગ્યાએ દાવ અજમાવી લાખોની ચોરી કરીને ફરાર થઈ રહ્યા છે ત્યારે ડીસા શહેર પોલીસ સજાગ બનીને નાઈટ પેટ્રોલિંગ સઘન બનાવીને તસ્કરોને ઝેર કરે તેવી લોકોમાં માંગ ઉઠવા પામી છે.

પાલનપુરમાં તાજી જન્મેલી બાળકીનો મૃતદેહ મળી આવતાં પોલીસ ફરીયાદ

પાલનપુરના માન સરોવર વિસ્તારમાં પુલ નીચેથી રવિવારે તાજી જન્મેલી ૫ માસની બાળકીનો મૃતદેહ મળી આવ્યો હતો. દીકરી બચાવો અભિયાનના ધજીયા ઉડાવતી આ ઘટનાને લઈ ભારે ચકચાર મચી જવા પામી હતી. પોલીસે અજાણી મહિલા સામે ગૂનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

ભિલોડા કોર્ટ ધ્વારા મહિલાને ભરણ પોષણ ન ચુકવી શકતા

પતિને ૩ વર્ષ, ૩ માસ અને ૨૨ દિવસની કેદની સજા ફટકારી

ભિલોડા,તા.૨૦

ભિલોડા એડીશનલ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ ન્યાય મંદિરના ન્યાયાધીશે મહિલાને ભરણ પોષણ ન ચુકવી શકતા પતિને ૩ વર્ષ,૩ માસ અને ૨૨ દિવસની સાદી કેદની સજાનો હુકમ ફરમાવ્યો હતો. પરણીતાઓને ભરણ પોષણ સમયસર ન ચુકવતા પતિઓમાં ભારે ફફડાટ ફેલાઈ રહ્યો છે.

ભિલોડા તાલુકાના મોટા કંથારીયા ગામના સવિતાબેન શંકરભાઈ ખરાડીની પુત્રીના લગ્ન સામાજીક રીતી રીવાજ મુજબ મેઘરજ તાલુકાના ઈટવા ગામના વતની સંજયકુમાર અમરાભાઈ ભગોરા સાથે કર્યા હતા.લગ્ન જીવન દરમ્યાન સવિતાબેનને બે પુત્રીઓ નિશા અને પ્રિયાનો જન્મ થયો હતો. સંજયકુમારએ સવિતાબેન સાથે વારંવાર ઝઘડા ઉભા કરીને શારીરિક,માનસિક ત્રાસ ગુજારી પરીણીતાને બંન્ને પુત્રીઓ સાથે પિયર મોટા કંથારીયા ખાતે મોકલી દીધી હતી. મોટા કંથારીયા ગામમાં પરણીતા પિતાના ઘરે રહેતી હતી. પરણીતાએ તેમના અને બે પુત્રીઓના ભરણ પોષણ માટે ભિલોડાના વકીલ આર.યુ. મનસુરી મારફતે કોર્ટમાં દાવો દાખલ કર્યો હતો. ન્યાયાધીશે પરણીતાને માસિક રૂા.૧૨૦૦/- અને સંતાનોને માસિક રૂા.૪૦૦/- લેખે ભરણ પોષણ ચુકવવા હુકમ કર્યો હતો. હુકમના અનુસંધાને સવિતાબેનએ ભિલોડા કોર્ટમાં વકીલ મારફતે અરજી દાખલ કરી હતી.પરણીતાના પતિ સંજયકુમાર કોર્ટમાં હાજર ન રહેતા હોઈ અને ભરણ પોષણની રકમ ન ચુકવતા હોઈ ત્યારે કાયદાકીય જોગવાઈ મુજબ મેજીસ્ટ્રેટે વોરંટ ઈસ્યું કર્યો હતો. મેઘરજ પોલીસે સંજયકુમારને ઝડપી ભિલોડા ન્યાય મંદિરમાં મેજીસ્ટ્રેટ આસીફ આબીદહુસૈન ખેરાદાવાળા સમક્ષ હાજર કર્યો હતો. સંજયકુમારએ ચઢેલ ભરણ પોષણની રકમ ચુકવવામાં વિલંબ કરતા હોઈ ત્યારે ત્રણેય કેસ અન્વયે ૫૪૦ દિવસ,૩૨૦ દિવસ, ૩૪૭ દિવસ મળી કુલ ૧૨૦૭ દિવસની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ મેજીસ્ટ્રેટએ ફરમાવ્યો હતો. પરણીતાના પતિને સબજેલ મોડાસા મુકામેમોકલી દીધોહતો.પરણીતાઓને સમયસર ભરણ પોષણ ન ચુકવી આપનારા લેભાગુ ઈસમોમાં ભારે ફફડાટ ફેલાઈ રહ્યો છે.

ડીસાના રાજપુર રોડ પર ટ્રક ફસાઈ

નવ નિર્મિત પેવર રોડના કામમાં ગેરરીતિની રાવ

ડીસા, તા. ૨૦

વેપારી મથક ડીસામાં છેલ્લા કેટલાક સમયથી નગરપાલિકાનો વહીવટી ખાડે ગયો હોય તેવું દેખાઈ રહ્યું છે. જેથી નગરપાલિકાની કામગીરી સામે પણ અનેક સવાલો ઉભા થઈ રહ્યા છે. ત્યારે ડીસા નગરપાલિકા દ્વારા બે વર્ષ અગાઉ ડીસાથી રાજપુરને જોડતો નવો પેવર રોડ બનાવવામાં આવ્યો હતો જો કે આ રોડ હલકી ગુણવત્તાનો બનાવાયો હોવાની રહીશોએ રાડ ફરિયાદો પણ કરી હતી તેમ છતાં તેમની વ્યાજબી રજૂઆતો ધ્યાને લેવાઈ નહતી. ત્યારે તાજેતરમાં ખખડી ગયેલા આ રોડ ઉપરથી એક ટ્રક પસાર થતી હતી તે દરમિયાન અચાનક ટ્રકના ટાયર રોડની અંદર ખુંપી જતા તે ફસાઈ પડી હતી. અચાનક બનેલી આ ઘટનાથી ટ્રક ચાલક ગભરાઈ ગયો હતો. જો કે આ ટ્રક અટવાતા તેની પાછળ અનેક વાહનો પણ અટવાઈ પડયા હતા. જેથી ટ્રાફિક જામની ઘટનાને લઈ આસ પાસના રહીશોમાં લાખો રૂપિયાના ખર્ચે બનાવવામાં આવેલ રોડ હલકી ગુણવત્તાનો બનાવાયો હોવાનો ફરી બળાપો ઠાલવ્યો હતો અને આ રોડ બનાવવામાં ભ્રષ્ટાચાર થયો હોવાના આક્ષેપો પણ પાલિકા અને કોન્ટ્રાકટર ઉપર લગાવ્યા હતા અને નગરપાલિકા દ્વારા તાત્કાલિક અસરથી આ રોડ બનાવનાર કોન્ટ્રાકટર સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે તેવી રાજપુર વિસ્તારના રહીશોની લાગણી સાથે માગણી વ્યક્ત કરવામાં આવી હતી. જેને લઈને પાલિકાના વહીવટ સામે વધુ એકવાર સવાલો ઉઠવા પામ્યા છે.

અરવલ્લી જિલ્લા ઈન્ડિયન રેડક્રોસ સોસાયટીની ત્રીજી-ચોથી વાર્ષિક સામાન્ય સભા યોજાઈ

મોડાસા, તા. ૨૦

અરવલ્લી જીલ્લામાં આરોગ્યલક્ષી સેવાઓ માટે સતત અગ્રેસર અને છેવાડાના માનવી સુધી આરોગ્યલક્ષી સેવાઓ પુરી પાડવા પ્રયત્નશીલ ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી અરવલ્લી જીલ્લા શાખાની ત્રીજી અને ચોથી વાર્ષિક જનરલ સભા શાખાના પ્રમુખ અને જીલ્લા કલેક્ટર અમૃતેશ ઔરંગાબાદકરના અધ્યક્ષસ્થાને કલ્યાણી ગર્લ્સ હોસ્ટેલ ખાતે યોજાઈ હતી. જેમાં ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી રાજય શાખાના વાઈસ ચેરમેન સુમિતભાઈ ઠક્કર, ભાવનગર રેડક્રોસ જિલ્લા શાખાની ચેરમેન મિલનભાઈ દવે, ભાવનગર રેડક્રોસના રોહિતભાઈ ભંડેરી, મોડાસા શાખાના ચેરમેન ભરતભાઈ પરમાર, સેક્રેટરી રાકેશ જોશી, ટ્રેઝરર જીતેન્દ્રભાઈ અમીન, મેઘરજ તાલુકા બ્રાન્ચના દીપકભાઈ રામદેવપુત્રમ અને નગરપાલિકા પૂર્વ પ્રમુખ વનીતાબેન પટેલ હાજર રહ્યા હતા.

ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી અરવલ્લી જીલ્લા શાખાના ચેરમેન ભરતભાઈ પરમાર દ્વારા શાબ્દિક સ્વાગત કરી પધારેલ તમામ મહેમાનોનું બુકે શાલથી સન્માન તેમજ મોમેન્ટો આપી સ્વાગત સન્માન કરવામાં આવ્યું હતું. કારોબારી સભ્ય વિઠ્ઠલભાઈ પટેલ દ્વારા ગત સભાનું પ્રોસેડીગ વાંચી જનરલ સભાની વિધિવત શરૂ કરવામાં આવી હતી શાખાના ચેરમેન ભરતભાઈ પરમારે રેડક્રોસની પ્રવૃતિઓ વિશે વિગતવાર માહિતી આપી હતી ટ્રેઝરર જીતેન્દ્રભાઈ અમિન ધ્વારા વર્ષ ૨૦૧૭-૨૦૧૮ તેમજ વર્ષ ૨૦૧૮-૨૦૧૯ એમ બે વર્ષનો નાણાકીય અહેવાલ રજુ કર્યો હતો.

અરવલ્લી જીલ્લા કલેક્ટર અમૃતેશ ઔરંગાબાદકરે રેડક્રોસ સોસાયટીની આરોગ્યલક્ષી સેવાઓની સરાહના કરી હતી અને તેમની જરૂરિયાત સરકારી ખાલી મકાન અથવા જમીન તેમજ રેડક્રોસ બ્લડ બેન્ક માટે પૂરો સહયોગ આપવા જણાવેલ હતું. રેડક્રોસ અમદાવાદનાં વાઈસ ચેરમેન સુમિતભાઈ ઠક્કરે અરવલ્લી જિલ્લાની રેડક્રોસની પ્રવૃત્તિને બિરદાવી હતી. રેડક્રોસ ભાવનગરના ચેરમેન મિલનભાઈ દવેએ રેડક્રોસ ભાવનગરની વિવિધ પ્રવૃત્તિનીઓની માહિતી આપી હતી.

વર્ષ ૨૦૧૯-૨૦૨૦

અરવલ્લી રેડક્રોસ સોસાયટીની ચેરમેન સહીત નવીન કારોબારીની રચના કરવામાં આવી હતી. જેમાં ચેરમેન તરીકે ભરતભાઈ પરમારની, ઉપપ્રમુખ અમરતભાઈ એસ. પટેલ, સેક્રેટરી રાકેશભાઈ જોષી અને ટ્રેઝરર તરીકે જિતેન્દ્રભાઈ અમીન અને બાકીના અન્ય કારોબારી સભ્યોની વર્ણી સર્વાનુમતે કરવામાં આવી હતી. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે રેડક્રોસના અરવિંદભાઈ શ્રીમાળી, વિઠ્ઠલભાઈ પટેલ, નરેશભાઈ પારેખ, વિજયભાઈ પેશવાણી, કે.કે. શાહ, મુકેશભાઈ પટેલ, ધનજીભાઈ લેઉવા તેમજ રેડક્રોસનો સ્ટાફગણ અને રાહતદરની લેબોરેટરીનો સ્ટાફગણ ભારે જહેમત ઉઠાવી હતી. સમગ્ર કાર્યક્રમનું સુંદર સંચાલન જયેન્દ્રભાઈ પંડ્યા (સરસ્વતી હાઈસ્કૂલ મોડાસા) દ્વારા કરવામાં આવ્યું હતું.

ડીસાના ધાડા ગામેથી નાસતો ફરતો આરોપી પકડાયો

સરહદી રેન્જ ભુજ આઈજીપી સુભાષ ત્રિવેદીએ આરોપીઓ પકડવા આપેલ સૂચના અંતર્ગત પોલીસ અધિક્ષક તરૂણકુમાર દુગ્ગલના આદેશના આધારે કે.કે. પાટડીયાના માર્ગદર્શન મુજબ એ.એસ.આઈ. કિરણસિંહ તથા હે.કો. કુલદીપસિંહ તથા હે.કો. સમીઉલ્લાખાન હે.કો. નિકુલસિંહ તથા રાજુભાઈ વિગેરે ડીસા રૂરલ પો.સ્ટેશન વિસ્તારમાં નાસતા ફરતા તથા પેરોલ ફર્લો ફરારી આરોપીઓની તપાસમાં હતા. તે દરમ્યાન હે.કો. કુલદીપસિંહ તથા હે.કો. સમીઉલ્લાખાનને મળેલ બાતમી હકીકત આધારે પાંથાવાડા પો.સ્ટે. પ્રોહી. ગુ.ર.નં. ૨૩૬/૨૦૧૮ પ્રોહી. ક.૬૫ એઈ ૯૮ (૨), ૮૧ મુજબના ગુન્હાના કામે નાસતા ફરતા આરોપી બાવનસિંહ તેજસિંહ વાઘેલાને તા. ૧૮/૧/૨૦૨૦ના રોજ ઘાડા, તા. ડીસા મુકામેથી પકડી પાડયો હતો અને ગુના લગતની કાર્યવાહી કરવા પાંથાવાડા પોલીસને સોંપવામાં આવેલ.

મોડાસાના દઘાલીયા ગામે "એક શામ ડૉ. ભીમરાવ કે નામ" ભીમ ડાયરો યોજાયો

મોડાસા, તા. ૨૦

અરવલ્લી જીલ્લાના મોડાસાના દઘાલીયા ગામે

સમસ્ત અનુસૂચિત જાતિ સમાજ દ્વારા રવિવારે રાત્રે "એક શામ ડૉ. ભીમરાવ કે નામ" ભીમ ડાયરનું આયોજન કરવામાં આવ્યું હતું. દેશના બંધારણના ઘડવૈયા બાબાસાહેબે કરેલા કાર્યો બંધારણીય અધિકારીકતાની જાગૃતિ માટે ભીમ ડાયરનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં બહુજન સાહિત્યકાર વિશન કાથડે ભીમ ભજન પીરસી લોકોને ડોલાવ્યા હતા. ભીમ ડાયરામાં અરવલ્લી-સાબરકાંઠા જીલ્લાના અનુ.જાતિ સમાજના લોકો મોટી સંખ્યામાં ઉમટ્યા હતા જેમાં વિશન કાથડે સાયરા ૧૯ વર્ષીય "નિર્ભયા" ને ભજનરૂપી શ્રદ્ધાંજલિ અર્પતા લોકોની આંખોમાંથી અશ્રુધારા વહી હતી.